# પાલનપુર નગરપાલિકાના મહિલા પ્રમુખને ગેરલાયક ઠેરવવા માંગ

**કોન્ટ્રાક્ટર પતિની તરફેણમાં ઠરાવ કર્યો હોઈ પ્રમુખપદેથી ગેરલાયક ઠેરવવા નગરપાલિકા નિયામકમાં દાખલ કરાઈ અપીલ : દલા તરવાડી જેવો વહીવટ કરનાર મહિલા પ્રમુખે ગેરરીતિ આચરી હોવાની રાવ**

પાલનપુર, તા. ૧૬

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા જાણે કે વિવાદનો પર્યાય બની ચૂકી હોય તેમ નીત નવા વિવાદો બહાર આવી રહ્યા છે. ગત ટર્મમાં ભાજપની આંતરિક જૂથબંધીને કારણે વિવાદો શમવાનું નામ લેતા નહતા. ત્યારે નવી બોડીમાં પણ વિવાદ બહાર આવતા ચકચાર મચી જવા પામી છે. જોકે કોરી સ્લેટ ધરાવતા પાલનપુર નગરપાલિકાના મહિલા પ્રમુખે તેમના કોન્ટ્રાક્ટર પતિના વ્યાવસાયિક હિતને પોષતો વિવાદાસ્પદ ઠરાવ કરી ગેરરીતિ આચરી હોવાના આક્ષેપો સાથે તેઓને પ્રમુખપદેથી ગેરલાયક ઠેરવવા માટેની રજૂઆત થતા પાલિકા વર્તુળમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની ગત ટર્મમાં ડેરી રોડ પર આવેલા સ્વ. ગલબા કાકાની પ્રતિમાથી ભીલ સમાજની વાડી સુધીનો સી.સી. રોડ તથા બ્રાહ્મણોની કુઈ સુધીનો કુલ ૧૩૮ મીટર સીસી રોડ શનિ કન્સ્ટ્રકશનના કોન્ટ્રાક્ટર દ્વારા બનાવવામાં આવ્યો હતો. પાલિકાના સ્વ ભંડોળમાંથી કોઈપણ પ્રકારની વહીવટી મંજુરી લીધા વિના, વહીવટી પ્રક્રિયાને અભરાઈએ ચડાવી લગાવ્યો હોઈ તેમાં વ્યાપક ગેરરીતિ આચરાઈ હોવાની ફરીયાદ પાલિકાના તત્કાલિન ઉપપ્રમુખ અમૃતભાઈ જોશી (દાઢી)એ નગરપાલિકા નિયામક સહિત હાઈકોર્ટમાં દાખલ કરી હતી. જે રોડના ૨૯,૧૧,૮૭૫ નાણા ગત તા. ૪-૫-૨૦૧૫ના રોજ એક જ દિવસે અલગ અલગ વાઉચરો બનાવી ચુકવાઈ ગયા હતા.

દરમિયાન, ચૂંટણીઓ બાદ નવી બોડી અસ્તિત્વમાં આવી હતી. જેમાં પ્રથમ સાધારણ સભા ગત તા. ૨૮-૧-૨૦૧૬ના રોજ યોજાઈ હતી. જેમાં વિપક્ષી કોંગ્રેસના સભાત્યાગ બાદ કોઈપણ જાતની ચર્ચા કર્યા વિના પાલિકા પ્રમુખ નીલમબેન જાની દ્વારા સાધારણ સભામાં ફોર્મ નં. ૧માં એજન્ડા સિવાય સુધારા-વધારા કરી સદરહુ વિવાદીત રોડ અંગેના ખર્ચને બહાલી આપતો ઠરાવ કરી દેવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે પાલનપુરના જાગૃત નાગરિક બાબુભાઈ સૈની દ્વારા પાલિકાના વર્તમાન મહિલા પ્રમુખ નીલમબેન સંજયકુમાર જાનીને પાલિકા પ્રમુખના હોદ્દા પરથી ગેરલાયક ઠેરવવા નગરપાલિકા નિયામક, ગાંધીનગર સમક્ષ અપીલ કરાતા ખુદ પાલિકા વર્તુળોમાં ચકચાર મચી જવા પામી છે. પાલિકાની નવી બોડી હજી સ્થિર થઈ સુદઢ અને સુચારૂ વહીવટ આપે તે પૂર્વે જ વિવાદોમાં સપડાતા શાસકપક્ષ ભાજપ સહિત પાલિકા વર્તુળો અને રાજકીય ગલીયારાઓમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.



ડીસા-રેલ્વેસ્ટેશનથી ઢુવા તરફ જતા રોડની સાઈડોમાં કેટલાક તત્વો દ્વારા ખોદકામ કરાતું હોવાથી રોડ પર અવાર-નવાર વાહનો તેમાં પટકાઈ રહ્યા છે. આ રોડની સાઈડો પરથી ફેકટરીઓવાળા પુરાણ માટે માટી લઈ જાય છે. તેમજ બિલ્ડરો પણ અહીંથી મારી માટી લઈ જાય છે. ટ્રેક્ટરો દ્વારા ધોળા દિવસે રોડને નુકશાન કરવામાં આવી રહ્યું છે અને રોડની સાઈડે મોટા મોટા ખાડા પડી ગયા છે. ચોમાસામાં પડેલા ખાડા હજુ પુરવામાં આવ્યા નથી અને ફરી રોડને નુકશાન થાય તે રીતે આજે સાઈડોમાં ખોદકામ ચાલી રહ્યું છે ત્યારે આ બાબતે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તપાસ હાથ ધરી પગલાં ભરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.



પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામે આવેલ શાળાના બાળકોએ વિધાનસભાની મુલાકાત લીધી ત્યારે માજી મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા, સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા શાળા સ્ટાફ પરિવાર તથા વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓની વિધાનસભાના મુખ્ય પ્રવેશ ગેટ આગળ બાળકોની યાદગાર ગૃપ તસવીર લેવામાં આવી હતી.

# મેઘરજમાં મુસાફરોને મોતની જોખમી સવારી કરાવતા શટલીયા જીપચાલક

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં જીપચાલકો દ્વારા ઘણા સમયથી ગેરકાયદેસર રીતે મુસાફરોને ખાનગી જીપગાડીમાં ઘેટા-બકરાની જેમ ખીચોખીચ ભરી જીપમાં મુસાફરો ઠાંસી મુસાફરોની મજબૂરીનો ફાયદો ઉઠાવી રહ્યા છે. મેઘરજ પોલીસતંત્ર દ્વારા હપ્તા ઉઘરાવી વાહનચાલકો સામે કોઈ નક્કર કામગીરી કરતા નથી કે પછી ? પોલીસતંત્રની નિષ્ક્રિયતા તે અંગે મેઘરજ પંથકમાં જીપગાડીઓની ઓવર-ટેઈક કરતા ગમખ્વાર અકસ્માતો સર્જાય છે. મેઘરજનગરમાં જીપચાલકો એસ.ટી. બસ કરતા પણ વધુ મુસાફરો ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી ઘેટા-બકરાની જેમ મુસાફરોના



ગાડીની આગળ, ઉપર, ફક્ત ડ્રાયવરની આંખો જોઈ શકે તેટલો ભાગ છોડીને જીપગાડીની ક્ષમતા કરતા પાંચ ઘણી ક્ષમતાથી મુસાફરો ભરી ગેરકાયદેસર રીતે મેઘરજના અંતરિયાળ આદીવાસી ગ્રામ્ય વિસ્તારો અને સીમલવાડા (રાજસ્થાન)ના ધોરીમાર્ગો પર બેફામગતિએ મોતની સવારી હંકારી મુસાફરોના જીવના જોખમે રૂપિયા રળી લેવા વાહનચાલકો ટ્રાફિકના નિયમો અને પોલીસતંત્રની હાંસી ઉડાવતા હોય તેમ અવર-જવર કરતા નજરે ચડતા હોય છે. જીપચાલકો એસ.ટી. બસ કરતા પણ વધારે પ્રજાજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં અને મેઘરજ નગરમાં વહેલી સવારથી જ પેસેન્જર જીપચાલકો પૂરઝડપે હંકારતા નજરે ચડે છે. મેઘરજથી રાજસ્થાન, મોડાસા અને અંતરિયાળ વિસ્તારોમાં જીપચાલકો દ્વારા તેમની જીપગાડીમાં મર્યાદા કરતા વધુ ઘેટા-બકરાની જેમ ઠાંસી-ઠાંસીને મુસાફરો ભરવામાં આવે છે. જીપચાલકો ગેરકાયદેસર મુસાફરો ભરીને જીપચાલકોની અંદરો-અંદર વધુ રૂપિયા કમાઈ લેવાની લ્હાયમાં પૂરઝડપે અને એકબીજાની જીવના જોખમે જોખમી મુસાફરી કરાવી રહ્યા છે. ટ્રાફિક નિયંત્રણ માટે રહેલી પોલીસની સીધી મીઠી રહેમ નજર હેઠળ અને સંપૂર્ણ આશીર્વાદ આવા જીપચાલકોની મળ્યા હોય તે ઉલ્લેખનીય છે. જિલ્લા ટ્રાફિક પોલીસતંત્ર દ્વારા મેઘરજ તાલુકાના જીપચાલકો પાસેથી મહિને નક્કી કરેલા હપ્તા ઉઘરાવી જીપચાલકોની છાવરી પ્રજાજનોના જીવના જોખમે ખીસ્સા ભરી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે જિલ્લા પોલીસ વડા દ્વારા ટ્રાફિકના અધિારીઓ અને પોલીસ પાસેથી તેમની કામગીરી અંગે તપાસ હાથ ધરે તે જોવું જરૂરી છે.

# ભાજપ શાસિત પાલનપુર તાલુકા પંચાયતનું ૧૬ કરોડની પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજૂર

ભાજપ શાસિત પાલનપુર તાલુકા પંચાયતનું રૂ. ૧૬.૦૧ કરોડની પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજૂર કરાયું હતું. બજેટ બેઠકમાં વિપક્ષ કોંગ્રેસ મુકપ્રેક્ષકની ભૂમિકામાં જોવા મળી હતી. જ્યારે ખુદ શાસક પક્ષ ભાજપના સભ્યએ જ વિપક્ષની ભૂમિકા ભજવતા અનેક તર્ક-વિતર્કો વહેતા થયા હતા. પાલનપુર તાલુકા પંચાયતના પ્રમુખ મુકેશ શ્રીમાળીની અધ્યક્ષતામાં બજેટ બેઠક યોજાઈ હતી. જેમાં પ્રમુખ દ્વારા સને ૨૦૧૬-૧૭નું અંદાજપત્ર રજૂ કરાયું હતું. જેમાં આરોગ્ય, શિક્ષણ અને બાંધકામ સહિતના ક્ષેત્રોએ વિવિધ જોગવાઈઓ સાથે વિકાસના કામોને મંજૂર કરાયા હતા. રૂ. ૧૬.૦૧,૪૪,૧૮૩ની પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજૂર કરાયું હતું. જો કે આ બજેટ બેઠકમાં વિપક્ષ કોંગ્રેસના તમામ સભ્યો મૂંગાની જેમ મુક પ્રેક્ષકની ભૂમિકામાં જોવા મળ્યા હતા.

જ્યારે તેનાથી તદન વિપરીત ખુદ શાસક પક્ષ ભાજપના સભ્ય રાજુભાઈ દેસાઈએ બજેટમાં દર્શાવેલી બેલેન્સ શીટમાં ત્રુટી હોવા અંગે સરકારી બાબુઓને આડે હાથ લીધા હતા. ત્યારે ખુદ ટી.ડી.ઓ.એ પ્રેસ મીસ્ટેક થઈ હોવાનો લુલો બચાવ કર્યો હતો. વધુમાં તેઓએ ડેટા એન્ટ્રીમાં થયેલા રૂ. એક લાખ ઉપરાંતના ખર્ચા સામે પણ અવાજ ઉઠાવ્યો હતો. તેઓએ સ્વભંડોળમાંથી થતા ખર્ચા પર અંકુશ મુકવા પર ભાર મુક્યો હતો. જેને ગંભીરતાથી લેતા પ્રમુખ મુકેશ શ્રીમાળીએ ખોટા ખર્ચા પર કાપ મુકવાનું સૂચન સ્વીકાર્યું હતું. આ ઉપરાંત આજની બેઠકમાં તાલુકા પંચાયતની ફોટાવાળી ડાયરી અને પ્રવાસ અંગે ચર્ચા-વિચારણા કરાઈ હતી. જોકે આજની બેઠકમાં ઉપપ્રમુખ મેતાજી બોકરવાડીયા પણ સરકારી બાબુઓ પર લાલઘૂમ થયેલા જોવા મળ્યા હતા. જ્યારે ટી.ડી.ઓ. સોલંકીએ સમગ્ર બેઠકને હળવાસથી લઈ હસતા મોઢે બેઠક આટોપી લીધી હતી. આમ પાલનપુર તાલુકા પંચાયતની બેઠક શાંતિપૂર્વક સંપન્ન થતા શાસક પક્ષે હાસકારો અનુભવ્યો હતો.

# રેડ એલર્ટની જાહેરાત વચ્ચે અરવલ્લી જિલ્લાના કેટલાય પોલીસ સ્ટેશનો નધણીયાત

**પોલીસ અને બુટલેગરોની સાંઠગાંઠનો પર્દાફાશ કરવા ક્ષત્રીય યુવાનો ગાંધીનગર ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરશે**

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના નવ નિયુક્ત જિલ્લા પોલીસ વડા માટેની સૌથી નાલેશી ભરેલી ઘટના જોવા જઈએ તો થોડા સમય અગાઉ મોડાસા તાલુકાના ખાલીકપુર ગામે મોડાસા પ્રાંત અધિકારી આનંદ આચાર્યએ વિદેશી દારૂના અડ્ડા પર રેડ પાડી મોટા પાયે વિદેશી દારૂ પકડ્યો. અરવલ્લી જિલ્લા પોલીસ વડાની કચેરી જે શહેરમાં આવેલી છે તે જ વિસ્તારમાં ફૂલીફાલી રહેલી દારૂની બદીને દૂર કરવા આવેદનપત્ર અપાયું હોવા છતાં મોડાસા ટાઉન પોલીસ પોતાની ફરજ ચુકી જતા પ્રજાએ ન છુટકે કલેક્ટરની મદદથી દારૂના અડ્ડા પર જનતા રેડ પાડવાની ફરજ પડી હતી.

રાષ્ટ્રીય સેવા યોજનાના એક કાર્યક્રમમાં અતિથી તરીકે હાજરી આપવા આવેલ મોડાસાના પ્રાંત અધિકારી સમક્ષ ઠાકોર સેનાના કાર્યકરોએ રજૂઆત કરી જણાવ્યું હતું કે પોલીસ તંત્રનું ધ્યાન દોરવા છતાં વિદેશી દારૂનું વેચાણ બંધ થતુ નથી ત્યારે અધિકારીઓ અને ક્ષત્રીય યુવાનોએ સાથે માંડીને જનતા રેડ પાડી વિદેશી દારૂ જડપી પાડ્યો હતો. જે અરવલ્લી જિલ્લા પોલીસતંત્રની બે જવાબદારી અને બુટલેગરો સાથે ભાગબટાઈ હોવાની વાતની ચાડી ખાય છે. અરવલ્લી જિલ્લા પોલીસ વડા અને તેમના વહીવટદાર દ્વારા બુટલેગરો પાસેથી હપ્તા વસુલીની વાત અરવલ્લી જિલ્લામાં ચર્ચાનો વિષય બની ગઈ છે. જે અંગે ગૃહ વિભાગમાં પણ જાણ કરવામાં આવનાર છે. ઠાકોર સેનાના યુવાન કાર્યકરોએ આક્રોશ સાથે જણાવેલ કે ટુંક સમયમાં બુટલેગરોની યાદી ઉચ્ચ અધિકારીઓને ચુકવવામાં આવતા હપ્તાની રકમ સાથેની યાદી ટુંક સમયમાં ગૃહમંત્રી તથા મીડિયા સમક્ષ રજુ કરી અરવલ્લી જિલ્લામાં ચાલતા દારૂના નેટવર્કનો પર્દાફાશ કરશે. અરવલ્લી જિલ્લા પોલીસવાળાની કાર્ય પ્રણાલી શરૂઆતથી જ વિવાદાસ્પદ રહેલી હોય તેવું જણાય છે. અરવલ્લી જિલ્લાના ધનસુરા, સાઠંબા, માલપુર જેવા અનેક પોલીસ સ્ટેશનો ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ચાલી રહ્યા છે. સૌથી મહત્વની એસ.ઓ.જી.ની શાખા પણ ઈન્ચાર્જ અધિકારીથી ચાલી રહી છે. રાજ્યનું ગૃહ ખાતુ એક તરફ રેડ એલર્ટ જાહેર કરે છે. ત્યારે કેટલાય પોલીસ સ્ટેશનનો પોલીસ સબ ઈન્સ્પેક્ટર વગરનું હોઈ ત્યારે લાગે છે કે જિલ્લા પોલીસવાળા એ ગૃહ વિભાગના રેડ એલર્ટની જાણે હાંસી ઉડાવી રહ્યા છે. આવનાર સમયમાં હોળી ધુળેટીના તહેવારો આવી રહ્યા છે ત્યારે જિલ્લામાં દારૂના વેચાણ પર અંકુશ આવે તે માટે પોલીસ તંત્ર દ્વારા પગલા ભરવામાં આવે તે અંગે યુવાનો દ્વારા ગાંધીનગર ખાતે ઉચ્ચ અધિકારીઓને રૂબરૂ આવેદન પત્ર આપવાનું આયોજન કરી રહ્યા છે.

# ધાનેરા નગરપાલિકાના સત્તીધીશોને માત્ર સત્તા સંભાળવામાં જ રસ છે

**ઉભરાયેલી ગટરો અને સળગતી કચરા પેટી જ તંત્રની બેદરકારી બતાવી રહી છે**

ધાનેરા, તા. ૧૬

એક તરફ ગુજરાતમાં સ્વચ્છ ગુજરાત સ્વચ્છ ભારતના અભિયાન હેઠળ લાખો રૂપિયાનો ધુમાડો થઈ રહ્યો છે ત્યારે ગુજરાત કેટલુ સ્વચ્છ છે તે જોઈએ.

ગુજરાતમાં આવેલા બનાસકાંઠા જિલ્લાનું ધાનેરા ગામ કે જ્યાં તમે જોઈ શકો છો કે આ ગામમાં કેટલી સ્વચ્છતા જોવા મળી રહી છે ઉભરાયેલી ગટરો અને સળગતી કચરા પેટી જ તંત્રની બેદરકારી બતાવી રહી છે. આજથી થોડા સમય અગાઉ ગંદકીના કારણે ધાનેરામાં ભારે રોગચાળો ફાટી નીકળ્યો હતો. અને જેમાં ૭ લોકો મોતને પણ ભેટ્યા હતા. ત્યારબાદ તંત્ર દ્વારા થોડા સમય સુધી ગામમાં સ્વચ્છતા રાખી પણ સમય વીત્યા બાદ જેસે થેની પરિસ્થિતિ જોવા મળી રહી છે. ધાનેરા તુલસીનગર સોસાયટી, સુભાષ રોડ સહીત ધાનેરા શહેરની તમામ ગટરો ભરાવવા લાગી છે. લોકો ગંદકીના કારણે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ધાનેરા નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં કચરા પેટી મુકવામાં આવે છે પણ આ કચરા પેટી મુક્યા પછી તંત્ર બીજીવાર આ કચરા પેટી સામે જોતુ નથી. કચરાપેટી ઉભરાવવા લાગે છે અને લોકો ગંદકીના કારણે આ કચરા પેટીને આગ ચાંપી કરે છે અને પાલિકાની કચરાપેટી નાશ પામે છે છતાં પણ પાલિકાના પેટમાંથી પાણી પણ હલતુ નથી.

ધાનેરા નગરપાલિકાના સત્તાધીશોને માત્ર સત્તા સંભાળવામાં જ રસ છે. શહેરની ગંદકી સંભાળવામાં કોઈ જ રસ નથી તે તો આ દશ્ય જ બતાવે છે. શહેરમાં ઉભરાયેલી ગટરો અને કચરાપેટીઓ પાલિકા દ્વારા મુક્યા પછી તેની દેખરેખ શા માટે નથી રખાતી. તેને લઈને પાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. જો કે આ સમગ્ર અહેવાલ બતાવ્યા બાદ પાલિકા કોઈ કાર્યવાહી કરે છે કે નહિ તે તો આવનારો સમય જ બતાવશે.



સરસ્વતી તાલુકાના વાયડ ગામે ગુજરાત ક્ષત્રિય સેના દ્વારા બોર્ડની પરીક્ષા આપતા ૧૩૦૦ જેટલા બાળકોને પેન અને પુષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સેનાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને ઉચ્ચ કારકિર્દી માટે આશિર્વાદ આપ્યા હતા.

# પાલનપુર પંથકમાં વેચાય છે મોતની પેપ્સી

**માત્ર ૧ રૂપિયામાં વેચાતી પેપ્સીમાં ફૂગ, જીવજંતુ તેમજ કચરો દેખાયો**

પાલનપુર, તા. ૧૬

ઉનાળાની શરૂઆત થતાં જ પેપ્સીઓના પાઉચનુ ધૂમ વેચાણ શરૂ થઈ જતુ હોય છે. પરંતુ આ પેપ્સીઓના પાઉચ બાળકોના આરોગ્ય માટે કેટલા ખતરારૂપ હોય છે તેનો તમને અંદાજ પણ નહી હોય. બનાસકાંઠાના છાપી-બસુ વિસ્તારમાંથી એવી પેપ્સીઓના પાઉચ મળી આવ્યા કે જોઈને તમે ચોંકી ઉઠશો. આ પેપ્સીઓના પાઉચ જોઈને તમે ચોંકી જાઓ તો નવાઈ નહી. આ પેપ્સીઓમાં રહેલો કચરો તમારા બાળકોના આરોગ્ય પર ગંભીર સવાલો ઉભા કરે છે. ૧ રૂપિયામાં વેચાઈ રહેલા આ પેપ્સીના પાઉચ તમારા બાળકને હોસ્પિટલમાં લઈ જવા મજબૂર કરે તો નવાઈ નહી. કારણ કે આ પેપ્સીઓમાં રહેલો કચરો, જીવજંતુઓ તેમજ તેમાં વળેલી ફૂગ તમારા બાળકોને કોલેરા, ટાઈફોડ તેમજ પેટજન્ય રોગોનો શિકાર બનાવી શકે છે. બનાસકાંઠાના છાપી તેમજ બસુ વિસ્તારમાં ખુલ્લેઆમ પેપ્સી પાઉચની અનેક ફેક્ટરીઓ ધમધમી રહી છે જેને લઈને આરોગ્ય વિભાગ તેમજ ફૂડ ડ્રગ્સ વિભાગની લાપરવાહી સામે આવી છે. છાપી તેમજ બસુ વિસ્તારમાં ચાલતી ટેસ્ટી પેપ્સી પાઉચની ફેક્ટરીમાંથી કચરો, જીવજંતુઓ તેમજ ફૂગવાળી પેપ્સીઓ મળી આવતા સમગ્ર મામલો સામે આવ્યો છે. બીજી તરફ આરોગ્ય અધિકારીનું કહેવુ છે કે આવી પેપ્સીઓના પાઉચ આરોગવાથી બાળકોને અનેક પેટજન્ય બિમારીઓ થઈ શકે છે. ખુલ્લેઆમ ચાલી રહેલી આવી ફેક્ટરીઓને લઈને તંત્ર પર અનેક સવાલો ઉભા થાય છે. જો કે સવાલ એ થાય છે કે જિલ્લામાં માત્ર છાપી પંથકમાં જ નહી પરંતુ અનેક જગ્યાએ આવી ફેક્ટરીઓ ધમધમી રહી છે. તો ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કેમ કોઈ કાર્યવાહી નથી કરતુ. જો કે પાલનપુરમાં જીલ્લા સેવા સદનમાં આવેલા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પ્લાસ્ટિકમાં વેચાતી નાના પાઉચમાં રંગીન કલરમાં વેચાણ માટે પરમીશન આપવામાં આવે છે. જો કે પોતાના ખિસ્સા ભરવા માટે ટેવાયેલા આવા સરકારી બાબુઓ કઈ પણ કહેવાનો ઈનકાર કર્યો હતો.

# ચિત્રોડીમાં ડાકણનો વહેમ રાખી માર મારતા ચાર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૬

વિજયનગર તાલુકાના ચિત્રોડી ગામે રહેતા અશોકભાઈ રૂપાજી નિનામાની માતા તથા પત્નિને ગામના જ ચાર શખ્સોએ તમે ડાકણ છો તેમ કહી ગાળો બોલી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ આ ઝઘડો હુમલામાં પરિણમ્યો હતો. જેથી બે જણાને ઈજા પહોંચી હતી. જે અંગેની ફરિયાદ સોમવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ચિત્રોડી ગામે રહેતા અશોકભાઈ રૂપાજી નિનામાના માતા તથા તેમની પત્નિને ગામના જ ગોવિંદભાઈ ખીમજીભાઈ નિનામા, રામજીભાઈ ખીમજીભાઈ નિનામા, કાન્તાબેન ખીમજીભાઈ નિનામા તથા મીતાબેન રામજીભાઈ નિનામાએ બંનેને ડાકણ કહી ઝઘડો કર્યો હતો. જેથી અશોકભાઈએ ઝઘડો કરવાની ના પાડતા ગોવિંદભાઈએ તલવારથી ઈજા પહોંચાડી હતી. જ્યારે રામજીભાઈએ અશોકભાઈના પત્નિ તુલસીબેનને પણ માર મારી ઈજા પહોંચાડી હતી. જે અંગે અશોકભાઈ નિનામાએ ચારેય જણા વિરૂદ્ધ સોમવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# સાલેરા ગામના આધેડનું તળાવમાં ડુબી જતા મોત

ખેડબ્રહ્મા, તા. ૧૬

પોશીના તાલુકાના સાલેરા ગામમાં ગતરોજ બપોરના સુમારે લશાભાઈ ગમાર ઉં.વ. ૪૨ ગામના તળાવમાં ન્હાવા ગયા હતા. જે દરમિયાન લશાભાઈનો પગ લપસી જતા તેઓ ઊંડા પાણીમાં ડુબી ગયા હતા. આધેડ પાણીમાં હાથપગ પાણીમાં મારતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને આધેડને પાણીમાંથી બહાર કાઢી સારવાર અર્થે લઈ જવાયા હતા. જ્યાં રસ્તામાં જ આધેડનું મોત નિપજ્યું હતું. આ મામલે પોશીના પોલીસે ગુનો નોંધી મૃતકના મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો અને ગુનાની વધુ તપાસ હાથ ધરી હતી.

# પાલ ગામેથી પીકઅપ ડાલુ ચોરાયું

હિંમતનગર, તા. ૧૬

વિજયનગર તાલુકાના પાલ ગામે તા. ૧૩ માર્ચના રોજ પાર્ક કરેલ બોલેરો પીકઅપ ડાલા નં. જીજે.૦૯.ઝેડ. ૯૦૯૪ની અજાણ્યા શખ્સો ઘર આગળથી ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા કચરાભાઈ સુકાભાઈ પટેલે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ સોમવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧